# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 49– February 2009 | MATRUBHASHA | Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૪૯ - ફેબ્રુઆરી ૨૦૦૯ | માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી | કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ


## એક ડોલરમાં. . . .બરબાદી



દરેક દેશમાં તેની પોતાની કરન્સીની આજકાલ કિંમત નથી રહી. ભારતમાં એક સમયે એક રૂપીઆમાં એક મણ બાજરો મળતો હતો, ત્યારે સરકારી કર્મચારીનો પગાર માસિક દશ રૂપીઆ હતો. આજે તો એક રૂપીઆના દાળીઆ પણ મળતા નથી અને ભિખારી પણ લેવાની ના પાડે છે. ૧૯૪૭માં આઝાદીના સમયે પાંચ રૂપીઆનો એક અમેરિકન ડોલર મળતો હતો. આજે પચાશમાં એક મળે ! એક ઓસ્ટ્રેલિયન ડોલરના ૩૫ રૂપીઆ મળે છે. એટલે એ દેશોમાં કમાણી કરીને આવતા ભારતીયોને તો ભારતમાં થોડા ડોલરમાં જલસા થઈ જાય !

ભારતના રૂપીઆની કિંમત ગગડી જવા પાછળ અનેક કારણોમાંના બે કારણો આગળ તરી આવે છે. એક તો કિંમત વગરનું કાળાબજારનું નાણું અને બીજા મફતિયા ખાયકીના પૈસા. આ રોકડિયા પૈસા બેંકમાં જમા થાય નહિ, ઈલેક્ટ્રિસિટીના બીલ ભરાઈ નહિ, ને ઘરમાં રાખ્યા હોય તો આવકવેરાવાળા દરોડો પાડીને લઈ જાય. ખાવા, પીવા ને ફરવામાં કેટલાક વપરાય ? એટલે એનાથી પરદેશનું નાણું ખરીદીને પરદેશમાં રાખવાનું શરૂ થયું. બેંક મારફત તો એ ખરીદાય નહિ એટલે એમાં પણ 'કાળા બજાર' શરૂ થયા. બેંક દર કરતાં દોઢા ને બમણા ભાવે ડોલર ને પાઉન્ડ ખરીદાતા. ઘણા લોકો રૂપીઆની કિંમત ઘટવા માટે અમેરિકાને દોષ દે છે પણ ખરું કહો તો ભારતના લોકો પોતેજ આ માટે જવાબદાર ગણાય.

અને હવે પરદેશનો મોહ એટલો બધો વધી ગયો છે કે ભારતના જોવાલાયક સ્થળોની મુલાકાત લેતા પહેલાં યુરોપ અમેરિકા બબ્બે ત્રણત્રણવાર જોઈ આવ્યાની ડફાસ મારવાની ફેશન થઈ પડી છે. તેમાં કેટલાક અમદાવાદીઓએ ભાનુભાઈ ત્રિવેદીએ લીસ્ટમાં બતાવેલા અમદાવાદના પાંત્રીસ જોવાલાયક સ્થળોમાંથી પાંચ પણ નહિ જોય હોય પણ અમેરિકાના લાસ વેગાસમાં કેટલા કાસીનો છે તે તેમના નામ સહિત બતાવી આપશે

આપણે જરા આડી કેડીએ ચડી ગયા. ઊભે રસ્તે પાછા આવીએ.

પણ પોતાના દેશમાં તો ડોલર પણ 'ઘરની મુરઘી દાળ બરાબર' જ છે. ઓસ્ટ્રેલિયામાં એક સમયે અઠવાડિયાની પચીસ ડોલરની આવકમાં માણસ લીલાલહેર કરતો. આજે અઠવાડિયાના સાડા સાતસો ડોલર પણ પૂરા નથી પડતા. એક ડોલરમાં અર્ધું સમોસું કે અર્ધો કપ કોફી પણ નથી મળતી. (એક સમોસાના અઢી ડોલર, એક કોફીના સાડાત્રણ ડોલર)

હવે તમે જ વિચાર કરો. અત્યારના 'હાઈ ટેક', 'હાઈ ફાય' ને 'હાય હાય'ના જમાનામાં આનંદપ્રમોદ માટે 'હાય વોય' કર્યા વગર તો કેમ ચાલે ? આનંદપ્રમોદના સાધનોમાં ગણો તો ખાવુંપીવું, જોવું ને સાંભળવું.

મને નાનપણમાં ફિલ્મ જોવા કરતાં પતંગ ઉડાડવી બહુ ગમતી. પતંગ હવામાં ઊડે, નાચે, તેની સાથે વાતો થાય અને દોર મારા હાથમાંજ રહે. પતંગની લડાઈ મને હિંસક લાગતી. જો કે આવું 'પતંગ કપાય નહિ અને દોર જાય નહિ' એ રીતે વગર ખર્ચનું આનંદપ્રમોદ મળવું મુશ્કેલ છે. ડોલર બેંકમાં જમા થાય અને તેનું વ્યાજ મળ્યા કરે તે જોઈને આનંદ જરૂર થાય. પણ એકલા એવા આનંદથી મન ભરાતું નથી. પણ ભલું થજો વિક્ટોરિયાના એક ભૂતપૂર્વ પ્રમુખનું, જેમણે 'પોકર મશીન' રાખવાના પરવાના વિક્ટોરિયાની ક્લબો અને હોટેલોને આપ્યા અને એ રીતે મનોરંજનનું આ સાધન, લગભગ, લોકોના ફળિયા સુધી પહોંચાડ્યું.

આ પોકર મશીનની વ્યુતપત્તિ પણ સમજવા જેવી છે. પોકર (પોકળ નહિ) એટલે મૂળમાં પત્તાની રમત. બાવન પત્તાંની એક જોડ લઈ લોકો નિર્દોષ ભાવે ઘરમાં રમી શકે. પણ માણસને દરેક બાબતમાં કંઈક 'ઉત્તેજના' જોઈએ એટલે તેમાં પૈસા હોડમાં મૂકવાનું શરૂ કર્યું. આ રમત એકલાથી તો ન જ રમાય, બે જણ તો જોઈએ. રમવાવાળા જેમ વધારે તેમ રસ વધારે જામે.

પણ જેમ જુદા જુદા કામ માટે મશીનોની શોધ થવા માંડી તેમ ૧૮૮૭માં એક વૈજ્ઞાનિકે પોતાની સામે રમવા માટે એક મશીન બનાવ્યું. તેના ત્રણ રીલ પર જુદા જુદા પત્તાં ગોઠવ્યા. બાજુમાં એક ફૂટ લાંબુ હેન્ડલ મૂક્યું. હેન્ડલ એકવાર ખેંચો એટલે ત્રણે રીલ ફરી ને પછી ઉભા રહે અને જે પત્તા સામેની લાઈનમાં આવે તેના પરથી હારજીત નક્કી થાય. તેમાં પૈસા નાખવાનું પણ ગોઠવ્યું. હારે તો પૈસા જાય અને જીતે તો મશીન, રીલની લાઈન પરના પત્તાની ગણતરી કરીને અમુક પૈસા આપે. પ્રોગ્રામ એ રીતે બનાવ્યો કે થોડી થોડીવારે મશીન થોડા પૈસા આપ્યા કરે એટલે રમવાવાળાને જીતનો આનંદ થાય અને રમવાનું ચાલુ રાખે. પણ એકંદરે પ્રોગ્રામ એ રીતે બનાવેલો હોય છે કે અંતે તો મશીન જ જીતે ! આ મશીનને એક જ હેન્ડલ એટલે કે હાથ હતો અને આ એક જ હાથથી રમાડીને તે રમવાવાળાના પૈસા લૂંટી લેતું એટલે તે 'એક હથ્થી લૂંટારો' (વન આર્મ બંડિત) તરીકે ઓળખાવા લાગ્યું. તો પણ એ લોકોમાં એટલું બધું પ્યારું થયું કે થોડા જ વર્ષોમાં તે સમૃદ્ધ દેશોની લગભગ બધી ક્લબોમાં ગોઠવાઈ ગયું. હવે તો તેની અવનવી અને આકર્ષક તથા સાથે મ્યુઝિકવાળી ઈલેક્ટ્રોનીક ડીઝાઈનો બને છે જેમાં એક ફૂટના હાથાને બદલે ફક્ત એક બટન જ દબાવવાનું હોય છે અને તેમાં વિવિધતા પણ પુષ્કળ આવી છે. ક્લબોમાં પચીસથી માંડી પાંચસો સુધી અને કાસીનોમાં એક હજારથી ત્રણ હજાર સુધી મશીનો હોય છે. લાસ વેગાસમાં એક લાખ ડોલરનો 'જેક પોટ' આપતા મશીનો પણ છે. પણ આવા મશીન ફક્ત પચીસ ટકા પૈસાના 'જેક પોટ' આપે છે. એટલે કે રમવાવાળા અનેક લોકોએ મળીને ચાર લાખ ગુમાવ્યા હોય પછી તેમાંથી એક નસીબદારને એક લાખ આપે ! અને આ જ લાલચમાં લોકો, પૈસા ગુમાવવા છતાં, રમ્યા કરે છે.

પોકર મશીન રમવા માટે અહીંની 'આર. એસ. એલ.' (રિટાયર્ડ સર્વીસમેન્સ લીગ)ક્લબ ઘણી જાણિતી છે. આ ક્લબના મેમ્બરોમાં સિનીઅર સીટિઝન ઘણા છે. તેમાનાં ઘણા સ્ત્રી-પુરુષો એકલવાયા પણ છે. મિત્રોને મળવા અને ગપ્પા મારી સમય પસાર કરવા તેઓ અહિં આવે. વાંચવા માટે જાણીતા ન્યૂઝપેપર, મેગેઝિન અને ટીવી રાખવામાં આવે છે. ફીલ્ટર કરેલું ઠંડુ પાણી અને મફતમાં કોફીનું મશીન પણ છે. ડ્રીન્ક્સ માટે બાર છે અને ચવાણું, સેન્ડવીચ વગેરે પણ ખરીદી શકાય.

અહીંના ઘણા પોકર મશીનોમાં એક ડોલરની એકસો 'ક્રેડીટ' મળે એટલે કે એક સેન્ટની બેટ રમી શકાય. કોઈ ઈચ્છે તો પાંચ, દશ કે પચાશ સેન્ટની બેટ રમવાની સવલત પણ આ મશીનોમાં છે. એક ડોલર ઉપરાંત પાંચથી એકસો ડોલર સુધીની નોટ પણ આ મશીનો સ્વીકારે છે. મશીન આપે, લઈ જાય, ફરી આપે, ફરી લઈ જાય, એમ કરતાં મશીન તેને આપેલા ડોલર ચાંઉ કરી જાય તેમાં ઘણો સમય રમાય. અને તમે બીજા ડોલર નાખો, બરબાદીનો રસ્તો જરા વધારે પહોળો થાય ! જ્યારે પણ મશીન બે, પાંચ, દશ, વગેરે ક્રેડિટ આપે ત્યારે મ્યુઝિક વાગે, એટલે તમને મન થાય તો ખુરસી પરથી ઊભા થઈ આનંદથી નાચી લો. દરેક મશીનના મ્યુઝિક જુદા. આખો રૂમ સંગીતથી આનંદિત વાતાવરણવાળો હોય. જોવા આવનારને પણ મજા આવે અને એકાદ મશીન સાથે હાથ મીલાવવાનું મન થાય. જોતજોતામાં તમારું ખીસું ખાલી થઈ જાય !

મશીનમાં ગુમાવેલા પૈસા પાછા મેળવવા ઘણા લોકો ઊછીના લાવીને રમવા લલચાય અને પછી બરબાદ થઈ જાય. કેટલાક લોકો પોતાની બધી કમાણી, બચત, ઉછીના લીધેલા પૈસા, બધું જ આ 'એક ડોલરિયા' પોકર મશીનમાં ગુમાવી બેઠાની વાતો અવારનવાર સંભળાયા કરે. હવે દરેક મશીન પર બોર્ડ લટકાવેલું છે, 'સાવધાન, તમે મશીન સામે કદી નહિ જીતો. પાછા વળો'. કેટલાક લોકો જે પોતાને 'શાણા' ગણાવે છે તેઓએ રોજિંદી રકમ નક્કી કરી છે. એટલે એક સાથે નહિ પણ થોડુ થોડુ કરી ગુમાવે છે - બધું જ

Publication: MATRUBHASHA
(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી

Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com

છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહી.
ઈન્ટરનેટ પર પ્રસિદ્ધ થયેલ કૃતિ મોકલશો નહિ.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**No Subscriptions:**

MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com. Also on www.gav.org.au, the website of Gujarati Association of Victoria, Melbourne.

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal., but view MATRUBHASHA on the abovementioned websites.

# ગું જ ન

## ⌘ એક દિ' ⌘

**ઇન્દુલાલ ગાંધી**

તને એક દિ' નીદર છોડી જશે,
વર્ષોની તારી અંધારાની ગોઠડી.
અજવાળા ભેળી જોડી જાશે,
તને એક દિ' નીદર છોડી જશે,
લાખ અલંકારો ચાંદરણાં કેરા,
મુકુટ માથે મયંક તણો,
હિમની જેમ જ ઓગાળી નાખશે
સૂરજ કેરાં તીખાં કિરણો.
જૂના ખંડેરને તોડી જાશે,
તને એક દિ' નીદર છોડી જશે,
કાદવનાં કળણે તારાં ખૂંતેલાં,
પગલાંને મળશે નવી કેડી,
નાનકડાં તારાં સ્વપ્નની સોડમ
લેશે વિરાટની સીમને ઘેરી.
વસુંધરા થોડી થોડી થાશે,
તને એક દિ' નીદર છોડી જશે,
કોઈ કુમુદની પાંદડીઓ પરે,
મેઘરવો મલકાવશે મોતી
મંદ સમીરણ ગૂંજવા લાગશે,
જુવાનીમાં નવા ગીતને ગોતી
ઊતાવળી હૈયા હોડી થાશે,
તને એક દિ' નીદર છોડી જશે,

## ⌘ હતો ખડક એક ⌘

**નાથાલાલ દવે**

હતો ખડક એક રુક્ષ,ખડો સ્તબ્ધ શો,
અડીખમ, અડોલ, દેહ કપરો શિલાએ ઘડયો.
કળાય નહિ શાંત વા અનલ ધીખતા અંતરે,
સદેવ પડી શૂન્યતા ભૂખર પથ્થરે પથ્થરે.
પછી દિવસ એક ત્યાં અજબ વાત એવી બની,
ચડી પવન વાદળી મધુરતા તણી મૂર્તિ શી અને
ખડકને શિરે રસભરી ઝડી નીરની અપૂર્ણ
વરસાવતી નિજ સુદૂર પંથે વળી.
'અહો ! અજબ શું બન્યું !' ખડક વિસ્મયે
જાગતો, શીલા પર ઝમી રહ્યા ઝરણ, ગુંજતી
કોતરો, કરાડ પર ફૂટતાં કુસુમ, કંપી રહેતાં તૃણો,
અને વિકસતા બધે નવલ રંગ પાષાણ તો
સતૃષ્ણ નજરે હવે ક્ષિતિજપંથ ન્યાળી રહે
સજીવન થયું પુનઃ હૃદય સ્નેહવર્ષા ચહે.

## ⌘ કાલ જોઈ છે કોણે ? ⌘

**વિનય કવિ, યુકે**

**(દિલ એક દર્દ હજારમાંથી)**

કરો તમે આજનો સત્કાર કાલ જોઈ છે કોણે ?
શમણાંઓને કરો સાકાર કાલ જોઈ છે કોણે ?
ઘડી આજની મંગળ છે ઘડી આજની અણમોલ
કાલની વાતો બધી બેકાર કાલ જોઈ છે કોણે ?
ન જાણ્યું જાનકીનાથે કે સવાર શું થવાનું છે ?
વનવાસ યા સુખી સંસાર કાલ જોઈ છે કોણે ?
ભેદભાવ મનમાં કાં રાખો પોતાના પરાયાનો ?
આપો અજાણ્યાને આવકાર કાલ જોઈ છે કોણે ?
થઈ શકે ના ભલું યદિ, કરશો ના બુરું કદી,
ધર્મગ્રંથોનો આટલો સાર કાલ જોઈ છે કોણે ?
માનવ પ્રતિ દિલમાં હો માનવના દયામાયા,
હો પશુપંખીઓ માટે પ્યાર કાલ જોઈ છે કોણે ?
ગયું શૈશવ ગયું યૌવન તું કાં હજી ભટકે ?
ભજી લે તું પાલનહાર કાલ જોઈ છે કોણે ?
'બદનામ' ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનું છે ?
કરી લે આટલો વિચાર કાલ જોઈ છે કોણે ?
કાલ જોઈ છે કોણે ?

## ⌘ બધું ગયુ ⌘

**નવીન દેસાઈ**

આભની ડાળી પર સૂરજનું ફળ પાકી ગયું,
ઝુંડ એકલતાનું ક્યાંકથી આવી ચાખી ગયું.
બોલ મારા આ ને તે જનમના ભગિયા, કોણ
ઉમ્બર પર અધૂરી સાંજ આ નાખી ગયું ?
આજ પાછી યાદની અગ્નિવીણા વાગી ઊઠી,
સ્વપ્નવત હિરણ્યમય આકાશ એ દાઝી ગયું.
આ ધૂમાડો થઈ ગઈ તે સાંજ કે સ્વપ્નું હતું?
શ્વાસના તળિયે સૂતેલું કોક જણ ચોંકી ગયું.
ગંધ શબ્દો સ્પર્શ ધુમાડો ધુમાડો થઈ જશે,
વારસાગત નગર નિયમમુજબ સળગી ગયું.
લોક ધુમાડાની સાથે વાત પણ કરતું નથી,
લોક ધુમાડાના ઝાંપે આવીને અટકી ગયું.
નદીવત હું નદીવત હું મંત્રના ઉદ્‌ગાર હે,
સપ્તસિંધુનું ફરી મોજું મને ગીજવી ગયું.
બારણે બાંધેલ પડછાયાનું તોરણ સળવળ્યું,
બારણે બુઝાયેલું આકાશ કો ટાંગી ગયું.
ધૂળથી તે આભમાં સૂરજની છાતી વચ્ચોવચ,
મંદ પગલે કોઈ આવી સાંજ પ્રગટાવી ગયું.

## ⌘ ખીણ અને ખડક ⌘

**જયંત પાઠક**

નીચે
શમણાંની મુલાયમ પાથરેલી ખીણ
ઊંચે
વેદનાના વજ્જર શો તોળાતો ખડક
વચ્ચે
મારી કુટીરમાં મીણ-
હૈયું થાય થડક થડક.
ઘણું ઘણું ગમે મને ઝીણું ઝીણું ઘાસ,
થતું ! રીછની જેમ પડુ આળોટી,
ગોઠીમડાં ખાઉ,
ભૂલી જાઉ લેવા શ્વાસ.
તડકાનું આળું આળું પીળું પીળું
ફેરી પતાંબર
બાંધું બે'ક બાંસુરીમાં સ્વર,
ઝરણાની મૃદુ મૃદુ ઝઝણતી જાંઘ પર
સરું સર સર.
થાય ! થાઉ ખીણ
ઝરણ ને ઘાસ
વન્ય પશુઓના ઊના શ્વાસ
બખોલનું અંધારું ને ભેજ
ખીણ મારાં સમણાંની આદિ સેજ.
ઊંચી આંખ કરી કોઈવાર
જોઈ લઉ મારે માથે ઝળૂંબતો ખડક
ગુરુશિખર, ગુરુ જેવો ખડક !
ઉભડક કેડી પદે પદે મારી
પાનીમાં અંકાય
આંકામાંથી ફૂટે રક્તધારા
માથે તપે સૂરજ
તૂટી પડે વાદળ નોધારાં.
ક્યાંય નહિ ફૂલ, નહિ રંગ
કાળો એક કોર્યો અડબંગ,
કદી કદી થાય,
ખડક થવાય !
અડીખમ ઊભા રહેવું
મૂંગા મૂંગા ઊભા રહેવું
ઋજુતા ન અડી શકે ક્યાંય !
અપ્સરાથી નહિ
વજ્રથી જ જે ઘવાય !
ખડક ને ખીણ
ખીણ ને ખડક
વચ્ચે મારી કાચી રે કુટીર
હૈયું મીણ-
થાય થડક થડક.

## ⌘ જરા જુઓ ⌘

**શ્યામ સાધુ**

પથ્થરો બોલે તો બોલાવી જુઓ
શક્યતાનાં દ્વાર ખખડાવી જુઓ
સૌ પવનની જેમ તો આવી મળે
વૃક્ષ માફક ડાળ ફેલાવી જુઓ
સાવ બાળકના જેવું છે આ નગર,
કોઈ પણ આવીને લલચાવી જુઓ
કાબો કહેતાં સમય જો સાંભરે,
રેતની શીશીને ઉલટાવી જુઓ
આયનામાં સૌ હતી ઝીલાય છે,
કોઈને આંખોમાં ચિતરાવી જુઓ



# સારું સારું ને વળી ન્યારું ન્યારું એ પ્યારું પ્યારું અમદાવાદ મારું રે.

**ભાનુભાઈ ત્રિવેદી, અમેરિકા**

મને અમદાવાદ શહેરનું ઘેલું છે. જો કે મારું વતન તો ગાંધીનગર તાલુકાનું સાદરા ગામ છે. આ બંનેમાં સામ્યતા એ છે કે અમદાવાદની જેમ સાદરાને પણ અહ્‌મદશાહ બાદશાહે વસાવ્યું હતું. આ વાતની ઘણા ઓછા લોકોને ખબર છે.

અહ્‌મદશાહ બાદશાહે સાબરમતી નદીના કિનાર લશ્કરી છાવણીનો શાહ્‌ડેરો નાખી તેને ફરતી કિલ્લો બાંધ્યો હતો. આ કિલ્લા પરની આરસની તકતી પરની માહિતી મુજબ આ કિલ્લો ઈ.સન ૧૪૭૧માં બંધાયો હતો. સમય જતાં 'શાહ્‌ડેરા' શબ્દનું અપભ્રંશ થઈને 'સાદરા' બન્યું.

જો કે મારે તો વાત કરવી છે અમદાવાદની. ભૌગોલિક રીતે જોઈએ તો અમદાવાદ ગુજરાતની મધ્યમાં હોવાથી વહિવટ અને સંરક્ષણની દૃષ્ટિએ સુગમ પડે તે કારણસર આ ભૂમિ પર નગર વસાવવાનું કદાચ નક્કી કરાયું હશે.

પૌરાણિક કથાને પ્રમાણભૂત ગણીએ તો જગતનું પુરાણું નગર કાશીવારાણસી ગણાય છે. અમદાવાદ એટલું પુરાણું નગર નથી પણ તે ઘણું જૂનું છે. અમદાવાદની ભૂમિ પર કર્ણાવતી નામનું નગર હતું. અહ્‌મદશાહ બાદશાહે તેનો કબજો લીધો પછી તેનું નામ બદલીને પોતાના નામનું 'અહ્‌મદાબાદ' રાખ્યું. એટલે હવે આ નગરનું નામ અમદાવાદમાંથી બદલીને ફરી તેનું મૂળ નામ 'કર્ણાવતી' રાખવાની માંગ વર્ષોથી થઈ રહી છે.

એક કથા એવી પણ છે કે અમદાવાદ પહેલાં ગુજરાતની રાજધાની અણહિલપુર પાટણમાં હતી. આ કથા મુજબ અહ્‌મદશાહ બાદશાહ પણ પાટણમાં રહેતા હતા. પાટણમાં પાણીની તંગીને કારણે તે અહીં સાબરમતીને કાંઠે આવ્યો હતો.

ત્રીજી અને ખૂબ જ લોકપ્રિય કથા એ પણ છે કે અહ્‌મદશાહ બાદશાહ પોતાના શિકારી કૂતરાઓ લઈને શિકાર કરવા માટે જંગલની વનરાજીમાંથી પસાર થતા હતા ત્યારે જંગલી સસલાઓએ તેના શિકારી કૂતરાઓ પર હુમલો કરી તેને ભગાડયા હતા. આ દૃશ્યથી તાજ્જુબ થઈ 'આ ભૂમિ પ્રતાપી છે' એવું માની અહ્‌મદશાહ બાદશાહે સરખેજના સંત અહ્‌મદ ખટુ ગંજબક્ષીની સલાહ લઈ ઈ.સ. ૧૪૧૧માં અમદાવાદ શહેરનો પાયો નાખ્યો હતો. આ ઘટના પરથી આજે પણ વાયકા પ્રચલિત છે કે 'જબ કુત્તે પર સસ્સા ધાયા તબ બાદશાહને શહર બસાયા.'

આ શહેરના વસવાટ માટે હજી એક કથા છે. અમદાવાદના અત્યારના માણેકચોકમાં સિદ્ધ માણેકનાથ બાવાની ધૂણી હતી. એવું કહેવાય છે કે એની સંમતિ વિના આ શહેરનો કોટ બંધાય એ તેને મંજૂર ન હતું. એટલે દિવસે કોટનો જેટલો ભાગ ચણાય તે રાત્રે આ બાવો પોતાની સિદ્ધિના બળે તોડી જમીનદોસ્ત કરતો હતો. બાદશાહને આ વાતની જાણ થતાં બાદશાહે માણેકનાથ બાવાને મળી આમ કરવાનું કારણ પૂછી તેના નિવારણ માટે વિનંતી કરી હતી.

માણેકનાથ બાવાએ ઉપાયમાં જણાવ્યું કે પ્રથમ ભદ્રકાળી માતાની સ્થાપના કરી ભદ્રના કોટથી શરૂઆત કરવી. અત્યારે પણ માણેક બુરજ જોવા મળે છે. આ બુરજના પાયામાં પહેલી ઈંટ સરખેજના સંત ખટુ ગંજબક્ષ અને બીજા ચાર પાક અહ્‌મદોએ મળીને મૂકી હોવાની નોંધ ગેઝેટિયરમાં છે. જ્યોતિષીઓની સલાહ મુજબના શુભ મુહુર્તમાં ઈ.સ. ૧૪૧૧માં સંત અહ્‌મદે માણેકબુરજ આગળ ઊભા રહીને, બાદશાહને અગ્નિ ખૂણે ઊભા રાખી પશ્ચિમ તરફ લીટી દોરી પાયાની ઈંટ મૂકી હતી. તેની વાસ્તુવિધિ વિ.સં. ૧૪૫૧માં થઈ હતી. આજનું અમદાવાદ, પહેલાંનું અહ્‌મદનગર, શ્રીનગર તથા રાજનગર તરીકે પણ ઓળખાતું હોવાની વાયકા છે.

અહ્‌મદશાહ બાદશાહના શાસન પછી અંગ્રેજોના શાસન દરમિયાન તેમણે અમદાવાદને વિશેષ મહત્ત્વ આપ્યું. જેના પરિણામે એકસો ઉપરાંત કાપડની મીલોનો ઉદ્યોગ એટલો મોટો ફૂલ્યો ફાલ્યો કે ગરીબોની ગરીબી તો દૂર કરી એટલું જ નહિ પણ દુનિયામાં હિન્દના માન્ચેસ્ટર તરીકે અમદાવાદ વિશ્વવિખ્યાત બન્યું. આ પછી આઝાદીની રાષ્ટ્રીય ચળવળના સમયમાં ગાંધીજીના સાબરમતી આશ્રમના કારણે અમદાવાદ પ્રસિદ્ધિ પામ્યું. આ પછી દત્તા સામંતના નેતૃત્વમાં થયેલા મજૂરસંગઠનની આંદોલન પ્રવૃત્તિના કારણે મીલ ઉદ્યોગ ધીરે ધીરે બંધ થવા લાગ્યો ત્યારે એક તબક્કે એવી પણ ભીતિ સેવાતી હતી કે અમદાવાદની આનબાન ઓસરી જશે.

જો કે સમય સાથે અમદાવાદે પણ પોતાનું રૂપ બદલ્યું અને અમદાવાદમાં પાવરલૂમ અને અન્ય ઉદ્યોગો વિકસ્યા. આમ અર્થતંત્રને વેગ મળતાં અમદાવાદમાં રમતગમતના સ્ટેડિયમો, વિશાળ મેદાનો, જિમ્નેશિયમ, મ્યુઝિયમ, પબ્લિક પાર્ક, પહોળા રસ્તાઓ, આનંદપ્રમોદનાં સાધનો, વાહનવ્યવહાર, ફાઈવ સ્ટાર અદ્યતન હોટેલો, અને વિદેશમાં મળતી સાધન સામગ્રી ઉપલબ્ધ થાય તેવા અલ્ટ્રામોડર્ન સુપરમાર્કેટો વિકસ્યાં છે.

અમદાવાદમાં કળા અને સ્થાપત્યનાં અદ્યતન દર્શન કરાવે તેવા ભવનોનું નિર્માણ થયું છે. અહીં આંતરરાષ્ટ્રીય હવાઈમથક થતાં સુવિધા વધી છે. હવે અમદાવાદ આધુનિક સુવિધા ધરાવતું રળિયામણું શહેર બન્યું છે.

અમદાવાદની વિશિષ્ટતા એ છે કે કોટ વિસ્તારનું જૂનું શહેર ગરીબ અને મધ્યમ વર્ગને પોષાય તે કિંમતની વસ્તુઓ પૂરી પાડે છે. તેથી આ શહેરમાં તવંગર સાથે ગરીબ અને મધ્યમ વર્ગ પણ સુખચેનથી જીવે છે. કોઈપણ શહેર કે નગર માટે પાણીનો પ્રશ્ન મહત્ત્વનો હોય છે. જો કે હવે તો અમદાવાદીઓ નર્મદાનું પાણી પીએ છે. નર્મદાનાં નીરને સાબરમતીમાં વાળવામાં આવ્યાં છે. કેવો સમન્વય ? નદી સાબરમતી, પાણી નર્મદાનું ! ખરેખર, હવે તો આ નદીનું નામ નર્મદામતી અથવા સાબરદા એવું કંઈક હોવું જોઈએ !

એમ કહી શકાય કે અમદાવાદનો પ્રવાસધામ તરીકે નોંધપાત્ર વિકાસ થયો છે. અમદાવાદના જૂનાં અને નવાં જોવાલાયક સ્થળોની માહિતી આપતી પુસ્તિકા અમદાવાદના રેલ્વે બુકસ્ટોલ્સ પરથી પ્રાપ્ય છે. અને મ્યુનિસિપલ કોર્પોરેશને ગાઈડ સાથેની પર્યટન લકઝરી બસની વ્યવસ્થા કરી છે.

અમદાવાદની મુલાકાત લેનારે ખાસ કરીને સીદી સૈયદની જાળી, જુમ્મા મસ્જિદ, ભદ્રકાળી, બાદશાહનો હજીરો, રાણીનો હજીરો, કાંકરિયા તળાવ, નગીનાવાડી, બાલવાટિકા, પ્રાણીસંગ્રહાલય, દાદા હરિની વાવ, માધુપુરાનાં હઠીસિંહના દેરાં, કાળુપુરમાં આવેલું સ્વામીનારાયણનું મંદિર, દરિયાખાનનો ઘુમ્મટ, રાણી સિપ્રીની દરગાહ, ઝૂલતા મીનારા, ગાંધી આશ્રમ, શાહીબાગ સ્થિત સરદાર સ્મારક ભવન, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ-વસ્ત્રાપુર, ડ્રાઈવઈન સીનેમા, પાલડી મ્યુઝિયમ, નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, અટિરા, સોલા ભાગવત વિદ્યાપીઠ, ઈન્ટરનેશનલ સ્વામીનારાયણ શિક્ષણસંકુલ, રાજપથ ક્લબ, વૈષ્ણોદેવી મંદિર, કૃષ્ણા હાર્ટ હોસ્પિટલ જેવાં મહત્ત્વનાં જોવાલાયક સ્થળોની મુલાકાત લેવા સૂચન કરું છું.

અમદાવાદમાં ખાનપાનના સ્થળો તો એક માગો ત્યાં હજાર મળે તેવી સ્થિતિ છે. અહીં અનેક 'થીમ' રેસ્ટોરાં છે. અમેરિકન માહોલ ધરાવતું 'ટોમેટોઝ' છે. ભારતીય સંસ્કૃતિને આકર્ષક રીતે રજૂ કરતું વિશાલા છે. ગ્રીનરી થીમવાળા બાગેશ્રી અને વનશ્રી છે. રાજસ્થાની પરિવેશ ધરાવતું 'રજવાડું' છે.

આ ઉપરાંત દેશવિદેશના પ્રવાસીઓની સ્વાદવૃત્તિઓને સંતોષ આપે તેવાં શાકાહારી ને બીનશાકાહારી અનેક અદ્યતન રેસ્ટોરાં અને હોટેલો ખૂલ્યાં છે. આમ છતાં હું માનું છું કે સરેરાશ અમદાવાદીને ચંદ્રવિલાસ હોટેલના ગરમ ગરમ ફાફડા ને ચોખ્ખા ઘીની સોડમવાળી રસીલી જલેબી અને મધ્યમવર્ગને પોસાય એવી ફૂટપાથ પરની લારીની કટિંગ અર્ધી ચા અને ગરમ દાળવડાં વધારે સંતોષ આપે છે.

ભલે, અમદાવાદ ખૂબ જ વિકસી રહ્યું છે, તે મેગા સિટી બની રહ્યું છે, આમ છતાં મને તો યાદ આવે છે મારું જૂનું અમદાવાદ. જૂના જમાનાની ઓછા સાધનોવાળી અને સહજપ્રાપ્ય એવી માનસિક શાંતિ, ભૌતિક સંપત્તિથી ભરપૂર એવા અતિ આધુનિક આજના જમાનામાં, જગતમાં ક્યાંય શોધી જડતી નથી.

આજના અમદાવાદની ખૂબી તો જુઓ કે ગરીબથી માંડી તવંગર સુધીના તમામ અમદાવાદીઓ દશેરાના દિવસે, કરોડો રૂપીઆના ફાફડા ઝાપટી જાય છે.

મારા મતે ન્યુ જર્સીમાં રહેતા શાયર આદિલ મનસૂરી હોય કે વિદેશમાં એશ કરતો ધનકૂબેર હોય, પણ અમદાવાદમાં જે વ્યક્તિ પાંચેક વર્ષ રહી હોય તેને અમદાવાદ જેવું અન્ય શહેર જવલ્લે જ ગમે. મને પૂછવામાં આવે તો મને અમદાવાદમાં જીવવાનું તો ગમે જ, બલકે મરવાનું પણ મને માદરે વતન જેવા અમારા અમદાવાદમાં જ ગમે. મારા મત પ્રમાણે અમદાવાદની ભૂમિનો આ પ્રભાવ અને પ્રતાપ છે. ભૂમિનો પ્રતાપ માનવાનું કારણ એ છે કે અમદાવાદી કરકસરથી ખર્ચ કરે છે, જ્યારે મુંબઈવાસી મોકળા મને ખર્ચ કરતો હોય છે.

(અનુસંધાન પાના ૭ પર)

# બારાક હુસૈન ઓબામા

મધુ રાય, અમેરિકા
(સાભારઃ દિવ્ય ભાસ્કરમાંથી)

I do solemnly swear(or affirm) that I will faithfully execute the office of the President of the United States and will to the best of my ability, preserve, protect and defend the Constitution of the United States. (So help me God)

હુ બારાક હુસૈન ઓબમા, સોગંદ લઉ છુ કે હુ નિષ્ઠાપૂર્વક યુનાઈટેડ સ્ટેટના પ્રેસિડન્ટની પદવી પર કામ કરીશ અને મારી સંપૂર્ણ શક્તિથી યુનાઈટેડ સ્ટેટના બંધારણને સાંચવીશ અને તેનું રક્ષણ કરીશ. (ઈશ્વર મને આ કામમાં સફળ બનાવે.)



I am asking you to believe… not just in my ability to bring about real change in Washington…I am asking you to believe in yourself.

હુ તમને કહુ છુ કે વોશિન્ગટનમાં સાચો ને જરૂરી ફેરફાર લાવવાની મારી શક્તિમાં વિશ્વાસ રાખો અને સાથે એમ પણ કહુ છુ કે તે ઉપરાંત તમારા પોતાની શક્તિ અને કુશળતામાં પણ એવી જ શ્રદ્ધા રાખો.

સન ૧૭૯૩ના એપ્રિલની ૩૦મી તારીખે જ્યોર્જ વોશિંગટન સાહેબે ન્યુ યોર્કના ફેડરલ હોલની બાલ્કનીમાં બાઈબલ ઉપર હાથ રાખીને લાકડાના દાંત વડે અમેરિકાના પહેલા રાષ્ટ્રપ્રમુખ તરીકે સોગંદ લીધા અને તરત જ આકાશ સામે જોઈને દાંત ભીસીને કહ્યુ કે 'સો હેલ્પ મી ગોડ' યાને આ જે બલા મારા માથે આવી પડી છે તે પાર પાડવાની શક્તિ પરમકૃપાળુ પરમેશ્વર મને આપે. બંધારણ પ્રમાણે સોગંદનામામાં 'સો હેલ્પ મી ગોડ' આવતું નથી પણ શુકન માટે આ બધા પ્રમુખો ભગવાનની કૃપા માગે છે. તે બાદ નવા પ્રનુખશ્રીએ ૧૩૫ શબ્દોનું ટૂંકુ પ્રવચન કર્યું. ને છેવટે બેન્ડવાજાવાળાઓએ પડઘમની ધડેડાટી ને ધડબડાટીથી પ્રમુખશ્રીને વધાવ્યા.

તે પ્રથમ પ્રમુખશ્રીની યાદમાં બંધાયેલા વોશિંગટન ડી સી શહેરમાં સોગંદ લેનારા પ્રથમ પ્રમુખ હતા ટોમસ જેફરસન સાહેબ, જે ૧૮૦૧માં પગે ચાલતા કેપિટોલ બિલ્ડિંગમાં આવેલા, સોગંદ લઈને ફરી ચાલતા પોતાને ઘેર ગયેલા. તે પછીના રાજપ્રમુખો ઘોડાગાડીમાં મારતા ઘોડે પ્રમુખ બનવા આવતા. ગાદીએ બેસવા મારતી મોટરે આવનાર પહેલા પ્રમુખ ૧૯૨૧માં વોરન હાર્ડિંગ હતા. ને ફેશનેબલ લાંબી ઈજા પહેરીને પ્રમુખ બનવા આવેલ પહેલા રાજપ્રમુખ હતા ૧૮૨૫માં જ્હોન ક્વીન્સી આદમ. ફ્રેન્કલીન પિયર્સ નામે પ્રમુખશ્રીએ ૧૮૫૩માં અને હર્બર્ટ હુવર સાહેબે ૧૯૨૯માં સોગંદ લેવાને બદલે કહ્યું હતું કે, 'આ જવાબદારી હું ખસૂસ સ્વીકારું છું.'

જ્યોર્જ વોશિન્ગટનના ૧૩૫ શબ્દોના ટૂંકામાં ટુંકા રાજ્યાભિષેક ઉદ્‌બોધનની સામે વિલિયમ હેરિસના લાંબામાં લાંબી ૮૪૪૫ લફ્જોની જજબાદી તકરીર ૧૮૪૧માં સુણાવેલી. સને ૧૮૫૭માં પહેલીવાર જેમ્સ બુકેનન સાહેબે સોગંદ લઈને ફોટો પડાવેલો. પછી મૂવી કેમેરા આવતાં ૧૮૯૭માં પહેલી વાર વિલિયમ મેકેનીલ સાહેબે પોતાની મૂવી ઊતરાવેલી. ૧૯૨૫માં પ્રથમ વાર પ્રમુખશ્રી કાલવિન કૂલીજના રાજ્યાભિષેક રેડિયો પરથી બ્રોડકાસ્ટ થયેલો. હેરી ટ્રુમેન સાહેબ રૂઝવેલ્ટ સાહેબના અકાળ અવસાન પછી બીજા વિશ્વયુદ્ધના અરસામાં અધવચ્ચે ગાદીએ આવેલા. ટેલિવિઝન પર ટેલિકાસ્ટ થનારો પહેલો રાજ્યાભિષેક સમારંભ હેરી ટ્રુમેનનો હતો. તે ધંધે દરજી હતા. પર્લ હાર્બર પર જાપાને હવાઈ હુમલો કર્યો તેથી ખિજાઈને તેમણે હિરોશિમા અને નગાસાકી ઉપર એટમ બોમ્બ ફટકારેલા. તેથી અમેરિકન પ્રજાએ પ્રભાવિત થઈને તેમને ૧૯૪૯માં ફરી ચૂંટેલા. ઈન્ટરનેટ પર પ્રસારિત થનાર પહેલો મંગલ પ્રસંગ હતો ક્લિન્ટન સાહેબનો ૧૯૯૭માં. તેમણે પોતાની રીતે અમેરિકા ઉપર, સમજી ગયાને, બીજી જાતના એટમ બોમ્બ ફેંકેલા.

પોતાના તખ્તારોહણ ઉદ્‌બોધનમાં તે સમયે જે ગુલામ લોકો હતા તે બ્લેક-અશ્વેત લોકોને પણ સમાન અમેરિકન તરીકે ઉલ્લેખ કરનાર પ્રથમ પ્રમુખ હતા અબ્રેહામ લિંકન. જેમણે પછીથી ૧૮૬૧માં ગુલામોને મુક્ત કરાવેલા. અમેરિકન મહિલાઓ પણ અમેરિકન જનતા છે તેવો સ્વીકાર પહેલીવાર વુડ્રો વિલસને ૧૯૧૭માં કરેલો. પોતાનો બાબો પ્રમુખ બને છે તે જોવા આવનાર પહેલા માતુશ્રી જેઈમ્સ ગાર્ફિલ્ડના બા હતા. પોતાના 'એ' પ્રમુખ બને તે જોવા આવનાર પ્રથમ વહુરાણી ૧૯૦૯માં વિલિયમ ટાફ્ટનાં પત્ની હતા.

સૌના લાડીલા પ્રમુખ કેનેડી સાહેબે ૧૯૬૧માં સોગંદ લેતી વખતે કવિરાજ રોબર્ટ ફ્રોસ્ટ પાસે કાવ્ય પાઠ કરાવેલો. તે દિવસે બહુ સ્નો પડેલો અને તે સ્નોની ઉપર તડકો ને તે તડકાનું તેજ કવિરાજની આંખો ઉપર પડેલું તેથી કવિ જે કવિતા લખીને લાવ્યા હતા તે તે વાંચી શક્યા નહિ અને તેથી જે મોઢે હતી તે કવિતા બોલી ગયેલા. તે સાંભળીને બધાએ 'દુબારા, દુબારા' કહેલું.

કેનેડી સાહેબ અચાનક ગોળી વાગતાં લીલી ગાદી છોડીને હરિને પ્યારા થઈ ગયેલા તેથી તેમના ઉપપ્રમુખ લીન્ડન જોન્સને ૧૯૬૩માં વોશિન્ગટનમાં નહિ પણ ડલાસ ખાતે સરકારી વિમાન 'એરફોર્સ વન'માં તાત્કાલિક પ્રમુખ થવાના સોગંદ લીધેલા ને તે વિમાનમાં બાઈબલ નહિ મળેલું તેથી કેનેડી સાહેબના રોમન કેથોલિક 'મિસાલ' યાને પ્રાર્થનાપોથીથી કામ ચલાવેલું.

ગરમા ગરમ રોનાલ્ડ સાહેબ ૧૯૮૧માં પહેલીવાર ગાદી પર આવ્યા ત્યારે તે દિવસે ૫૫ ડીગ્રીવાળો ગરમમાં ગરમ 'ઈનોગ્યુરેશન ડે' હતો. અને તે જ રેગન સાહેબના બીજા રાજ્યાભિષેક વખતે ૧૯૮૫માં ૭ ડિગ્રીની ઠંડી હતી જે અત્યાર સુધી ઠંડામાં ઠંડો 'ઈનોગ્યુરેશન ડે' હતો.

સૌના લાડકડા બીલ ક્લિન્ટન સાહેબે પોતાના શુભ દિન ૧૯૯૩ માટે કાવ્યપાઠ માટે એક કવયિત્રી, માયા એન્જલુની પસંદગી કરેલી.

અમેરિકાના બંધારણ મુજબ એ શપથ માટે કોઈ ધાર્મિક ગ્રંથની જરૂર નથી, પણ સર્વ પ્રમુખોએ એક યા બીજા પ્રકારનું બાઈબલ કે પુસ્તક અપનાવ્યું છે. જિન ક્વીન્સી આદમે બાઈબલને બદલે કાયદાના એક ગ્રંથ પર હાથ મૂકેલો. સન ૧૮૭૭માં ગાદીએ આવનાર રધરફોર્ડ હેયસ સાહેબ તથા સન ૧૯૦૧માં થિયોડર રૂઝવેલ્ટ સાહેબ તે માત્ર બે જણે બાઈબલ પર હાથ મૂકવાનો ઈન્કાર કરેલો. શપથ લીધા બાદ ને પ્રભુને યાદ કર્યા બાદ બાઈબલને બકી ભરવાનો રિવાજ છે. પણ અમુક પ્રમુખોએ તે બકી ભરી નહોતી.



One thing I like about Obama being in White House is aesthetics.!
Look at him...How he stands out in the white background?

(તા. ૨૦ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ બરાક હુસૈન ઓબામા તેમના નવા સૂટબૂટમાં ઐતિહાસિક ઠાઠ અને વાજા નગારાં સાથે ગાદીએ બેસી ગયા છે. તેમણે શપથ લેતી વખતે ડચકું ખાધેલું એટલે શપથવિધિમાં ડચકું ખાનારા એ પહેલા પ્રમુખ બન્યા. તે દિવસે ઉષ્ણતામાન ૬ ડિગ્રી સેન્ટીગ્રેડ - ૪૩ ડિગ્રી ફેરહનહાઈટ હતું અને તે સમયે વોશિન્ગટનમાં અંદાઝે વીસ લાખ લોકોએ આગલી રાત્રીના શૂન્ય ડિગ્રી વાતાવરણને સહીને હાજરી આપેલી. અને તેમની સાથે યુરોપ, આફ્રિકા, એશિયાના દેશોમાં અને ઓસ્ટ્રેલિયામાં પણ લોકોએ રાત્રીનો ઉજાગરો કરીને ટેલિવિઝન જોઈ, તેમની શપથવિધિમાં હાજરી આપેલી. એટલે સૌ પ્રથમ અશ્વેત પ્રમુખ બનનાર ઉપરાંત સૌથી વધારે ઠંડીમાં ને સૌથી ઝાઝા લોકોની હાજરીમાં શપથ લેનાર એ સૌ પ્રથમ પ્રમુખ બન્યા છે. હવે જોવાનું એ છે કે તેમની સફળતાનો દોર લંબાઈને વિશ્વને આ સદીની સૌથી મોટી મંદીમાંથી બહાર કાઢીને પ્રગતિ અને સમૃદ્ધિના સરિયામ માર્ગ પર લાવનાર અને મધ્યપૂર્વમાં સળગી રહેલ દાવાનળને ઠારનાર પ્રથમ પ્રમુખ પણ એ બને છે.)

## કાળો સૂરજ-સોનેરી છાયા



**-પ્રવીણ પટેલ 'શશી'**

વિન્ટરમાં દિવસો ટૂંકા, ઠંડીનો ચમકારો, પાછો સ્નો અને બર્ફિલો વરસાદ, સૂર્યનારાયણને પણ ટાઢ ચઢે, ક્યારેક તો એ દેખાય પણ નહીં ! જાન્યુઆરી ૧૪ આવે, સૂર્ય મકરનો બને, તસુતસુ દી વધે, એક નવી આશા જન્મે. ઉત્તરાયણ તરીકે પણ આ દિવસ જાણીતો છે. દેશમાં પતંગો ચગે, અહીં તંગીમાં તો તંગ થઈ શું ચગવું કે ચગાવવવું ? મંદિરમાં ગયો, ત્યાં પતંગો તોરણે લટકતી હતી ! પ્રસાદીમાં તલ-સાંકળીની લાડુલીઓ હતી. એક લીધી, ફટ તોડી, અંદરથી ક્વાર્ટર નીકળ્યો ! બોબડી બંધ કરી, ગોલખમાં ક્વાર્ટર મૂકી, હું બહાર નીકળી ગયો ! તલ ગોળ ખાઓ અને મીઠું મીઠું બોલો, મહારાષ્ટ્રમાં આવું કહી મોં મીઠું કરાવવાનો દસ્તૂર છે. પંજાબમાં **માઘી,** તો દક્ષિણમાં **પોંગલ** તરીકે આ દિવસ ઉજવાય છે. સૂર્યની ઉત્તરોત્તર વૃદ્ધિના સમયે આપણો મકસદ પણ **'તમસો મા જ્યોતિર્ગમયા'**, હોવો ઘટે.

જોગાનુજોગ આ જાન્યુઆરી ૧૪મીએ ચીની નવું વર્ષ હતું, ચંદ્રગતિ આધારિત એમનું કેલેન્ડર છે. દરેક વર્ષનું આગવું નામ, આ એમનું 'બળદ' વર્ષ છે. ચંદ્ર કે સૂરજ, ગ્રહણ લાગે તો અંધારામાં ડૂબી જાય, પરંતુ ફરતે રૂપેરી કે સોનેરી આભા તો વર્તાય. ૨૦મી જાન્યુઆરીએ આભાનો આભાસ કે ઝળહળતા સૂરજ જોયાનો મને અનુભવ થયો. મેં એકલાએ જ નહીં, પણ દુનિયાના હર ખૂણે લોકોએ આ જોયો.

**કાળો સૂરજ તે બરાક હુસેન ઓબામા.** શ્વેત માતા અને અશ્વેત પિતાનું એ ફરજંદ. વીસ લાખ લોકો ૧૯ ડીગ્રી(ફેરન્હાઈટ) શીતમાં ૨૦મી જાન્યુઆરીએ ઉપસ્થિત રહી ક્રાંતિની સંક્રાંતિનાં સાક્ષી બન્યાં, તો વિશ્વની બીજી પ્રજાએ ટી.વી.એ ચોંટી શપથવિધિનાં દિદાર કર્યાં. અમેરિકાના ઈતિહાસમાં ઓબામા પ્રથમ અશ્વેત પ્રેસિડન્ટ છે.

આરૂઢી સમયનું અમેરિકાના આ ૪૪મા પ્રમુખનું રેટિંગ ૭૧ ટકા રહ્યું. અબ્રાહમ લિંકન એમનાં પ્રેરક છે, એમના જેવું કામ કરવાની એમની ઉમ્મિદ છે, લિંકને જે બાઈબલ ઉપર હસ્ત મૂકી દેશસેવાના સોગંદ લીધા હતા, તે જ બાઈબલ પર હાથ રાખી ઓબામાએ પણ શપથ લીધા. **કશું પણ અશક્ય નહીં, તે આ દેશ અમેરિકા.** માર્ટિન લ્યૂર કિંગનું સ્વપ્ન ઓબામા સાકાર કરશે. સોગંદનામા કાર્યક્રમનો મકસદ રહ્યો રાષ્ટ્રનો પુનર્જન્મ.

આમેય વસંતપંચમી પછી ઋતુ પલટા સાથે નવપલ્લિતતાનો પ્રારંભ થાય છે. દેશમાં તો પીળાં પુષ્પો પણ ખિલવા માંડે. મા સરસ્વતીની આરાધન કરવાનો આ દિવસ, આપણે પણ બુદ્ધિમત્તા માટે એમની કરૂણા યાચીએ. નવી આશા અને નવા ઉમંગના નૂતન યુગનો પ્રારંભ અમેરિકા ખંડે થઈ ચૂક્યો છે. **કામદેવ જેવા કાળા ઓબામા પાછળ પ્રજા ઘેલીઘેલી બની ગઈ છે. બેશક એમનું હાસ્ય પણ લોભામણું અને મારકણું છે. ગણેશજી જેવા એમના મોટા કાન છે, તેઓ એક અચ્છા શ્રોતા પણ છે.**

સત્ય એ પણ છે કે વર્તમાન પરિસ્થિતિ વિષમ છે. બુશ સાહેબે આપેલું **સ્ટીમ્યુલસ** ચવાઈને ચાંઉ થઈ ગયું. લોભિઆ, ધૂતારા અને લેભાગુ જમાતે મળેલા પૈસા ઉડાવી દીધા. **મેરિલ લિન્ચ**ના ચિફ એક્ઝિક્યુટીવ ઓફિસર **JOHN THAIN**એ ૧.૨૨ મિલિયન ડોલરના ખર્ચે પોતાની ઓફિસનું નવનિર્માણ કરાવ્યું, તો ૫૦ મિલિયન ડોલરનું આંધણ કરી કોર્પોરેટ જેટ ખરીદીમાં **CITIBANK** પડી ગયું, વોલ સ્ટ્રીટની કંપનીઓએ ૧૮.૪ મિલિયન ડોલરનાં બોનસ વેતરી લીધાં ! વિપરિત આર્થિક મંદીમાં સરકારની સહાયથી તાગડધિન્ના, અને એમનાં સલાવડાં તો પાછાં ખાલી ને ખાલી ! અર્થતંત્રને રાગે પાડવા ઓબામા પણ સરકારી સહાય કરશે, પરંતુ દરેકે પૂરેપૂરો હિસાબ આપવો પડશે, અને લેણી પણ પૂરેપૂરી ભરપાઈ કરવી પડશે.

કફોડી આર્થિક પરિસ્થિતિમાં મરો સામાન્ય જનનો છે. રોટી, કપડાં અને મકાન, આજની મોટી સમસ્યા છે. ઘોંચમાં ગાડુ પડ્યું છે, એને બહાર કાઢતાં સર્વનાં નાકે દમ આવી જવાનો છે. ઓબામા પરિસ્થિતિથી વાકેફ છે. ૧૮ મિનિટનાં પોતાનાં પ્રવચનમાં એમણે પોતાનો નિર્ધાર જાહેર કર્યો. એમનો અભિગમ આશાવાદી અને વાસ્તવદર્શી હતો.

એમણે જણાવ્યું : *'આપણી સામેના પડકાર સાચૂકલા, ગંભીર અને ઘણા છે. થોડા સમયમાં કે સરળતાથી આ પાર નહીં પડે, પરંતુ યાદ રાખો, આ અમેરિકા છે અને અમે આ સાંગોપાંગ પાર પાડીશું જ. આપણે અહીં ભેગા થયા છીએ કારણ કે ભય વિરૂદ્ધ આકાંક્ષા અને અથડામણ સામે અમે હેતુઐક્ય પસંદ કર્યું છે. ખોટા વચનો, ક્ષુલ્લક ભેદભાવો અને રેઢિયાળ માન્યતાઓને કારણે રાજકારણ રૂંધાયું છે, આને દૂર કરવાની અમે ઘોષણા કરીએ છીએ. શ્રેષ્ઠતા મળતી નથી પણ કમાવી પડે છે.'*

*મુસ્લિમ જગત, અરસ્પરસ વિશ્વાસ અને અન્યોઅન્ય માન-મરતાબો જાળવે એવા નવા માર્ગની અમને ખોજ છે. વિશ્વના નેતા જેઓ ઘર્ષણગ્રસ્ત છે, અને પોતાના દેશની કથળેલી પરિસ્થિતિ માટે પશ્ચિમના દેશોને દોષ દે છે, યાદ રહે કે તમારી પ્રજા તમે વિનાશ કરો છો તે થકી નહીં, પરંતુ તમે જે નિર્માણ કરશો, એનાથી તમને ઓળખવાની છે. લાંચરુશ્વત અને છેતરપિંડી, તેમજ વિરોધને દબાવી, જે સત્તાસ્થાને ચોંટી રહ્યા છે, યાદ રાખો કે તમે ઈતિહાસની બજી સાઈડે છો, છતાં તમે મુઠ્ઠી ખોલો તો અમે અમારો હાથ લંબાવીશું પણ ખરા.'*

**ઓબામાએ ગરીબ રાષ્ટ્રોને સહાય કરવાની ખાત્રી આપી. દેશને અદ્યતન માર્ગે લઈ જવાની તેમજ દેશના નવનિર્માણ માટે દરેક વ્યકિતને કટિબદ્ધ થવાની પણ એમણે હાકલ કરી. હોલા ઉપાડ કરી દેશને પ્રગતિને માર્ગે ચઢાવવો જ રહ્યો.**

શપથવિધિ ટાણેની રેવરન જોસેફ લોરીની પ્રાર્થના મને અતિ ગમી:

**We ask you to help us,**
**When black will not be asked to get back,**
**When brown can stick around,**
**When yellow will be mellow,**
**When red man can get ahead,**
**And white will embrace what is right.**

સૂબહ્ પ્રાર્થના, મધ્યાને સોગંદવિધિ, સાયંકાળે પરેડ-સરઘસ, રાત્રીય દસેક બોલડાન્સ, બધું દબદબાપૂર્વક પત્યું. દરમ્યાનમાં ભૂ. પૂ. પ્રમુખ જ્યોર્જ બુશ વિદાય લઈ ટેક્ષાસ ગમન કરી ગયા. ઓબામા હવે વ્હાઈટ હાઉસના અધિકૃત નિવાસી છે. પત્ની મિશેલ, દીકરીઓ મલિયા અને સાશા, નવી જગામાં ગોઠવાઈ ગયાં છે. સાસુમા પણ સાથે રહેવાનાં, અને પોતાનું ચક્કર ચલાવવાનાં !

નવું મંત્રી મંડળ નિયુક્ત થઈ ગયું. હવે શરૂ થાય છે યુક્ત યુક્તિનો દોર. રાજકારણીઓના મતે ઓબામાનું હનીમૂન પતી ગયું છે. હની કમ થાય અને મૂન ના હોય તો ? આનો જવાબ તો આવતો સમય જ હવે આપશે. દરમ્યાનમાં આપણે એમને ટેકો આપવાનો છે, પરંતુ ખડા તો આપણે આપણા જ બે પગો ઉપર જ રહેવાનું છે.

અથડાતા આખલાઓ જેવો SUPER BOWL - 43 ટેમ્પા-ફ્લોરિડામાં ખેલાઈ ગયો. પિટ્સબર્ગનાં 'સ્ટીલરે' એરિઝોનાના 'કાર્ડિનલ'ને હરાવ્યા. રમતગમતમાં આપણે મોળા છીએ, બાકી બીજા બધાએ હાજર રહી કે ટી.વી માધ્યમે રમતની મજા લૂંટી.

કહેવાય છે કે પ્રેમમાં અદ્ભૂત શક્તિ છે, જેની જેવી આંખ એવી એની અનુભૂતિ ! ફેબ્રુઆરીમાં **વેલેન્ટાઈન દિવસ** આવશે. તો મિત્રો, દિલે નાદાન ન બનતાં હૃદયસ્પંદનો અવશ્ય અભિવ્યકત કરજો. ચાલો, મારાથી જ હું આ શરૂઆત કરું છું. વાચકો, I LOVE YOU, કારણ કે મારું લખેલું તમે પ્રેમથી વાંચો છો.

સૂર્ય કદાપી કાળો હોતો નથી. જીવ પણ સૂરજ શો ચેતનવંતો છે. જીવને શિવમય કરવાનું પર્વ તે **મહાશિવરાત્રી.** સર્વનું કલ્યાણ હો, એવી શિવશંભુને પ્રાર્થના.

### અમેરિકાના પ્રમુખો વિષેની થોડી વિશિષ્ટ વાતોઃ

- ૧૯૬૨માં જ્હોન કેનેડીએ અણુયુદ્ધ શરૂ કરવાનો સાંકેતિક કોડ ધરાવતી 'ફૂટબોલ' નામની બેગ સાથે રાખવાનું શરૂ કર્યું.
- અમેરિકન પ્રમુખો માટેના બે વિમાન 'એરફોર્સ વન' આકાશમાં હોય ત્યારે જ 'એરફોર્સ વન' કહેવાય છે.
- અમેરિકન પ્રમુખ ચૂંટાયા પછી અને સોગંદ લેતા પહેલાં ૬000 જેટલા કર્મચારીઓની નિમણૂંક કરે છે.
- પ્રમુખની વિદેશયાત્રા વખતે 'એરફોર્સ વન' ઉપરાંત મોટરો ભરેલું એક વિમાન પણ સાથે સફર કરતું હોય છે.



## ફેંસલો

વિનય કવિ, યુકે
(તેમના વાર્તાસંગ્રહ 'નિર્મોહી'માંથી)

હેંગિંગ ગાર્ડન પર સુંવાળી સાંજ ઊતરતી હતી. આહ્‌લાદક પવન મગજને તાજગી આપતો હતો. નાઝ રેસ્ટોરન્ટમાં બેઠાં બેઠાં સમગ્ર શહેરનો દેખાવ મજાનો લાગતો હતો. સંખ્યા તથા કદમાં કીડીસમ જણાતો માનવસમૂહ નીચે આમતેમ ભ્રમણ કરતો હતો. આટલી ઊંચાઈએ હોવાની ખુમારી અહીં બેઠેલ દરેક વ્યક્તિના મોં પર વર્તાતી હતી. રેસ્ટોરન્ટ સુખસગવડના અદ્યતન સાધનોથી આરામદેય હતું. આસપાસનું દૃશ્ય મનોરમ્ય હતું. વાનગીઓ સ્વાદિષ્ટ હતી. વેઈટરો સુઘડ હતા. ગ્રાહકો પ્રફુલ્લ અને બેફીકરા હતા. ધીમું સુરીલું સંગીત રેડિયો પરથી વહેતું હતું. વાતાવરણ હળવું ને ઉન્માદક હતું.

છતાં એક કલાકથી બેઠો હતો એટલે મને કંટાળો આવ્યો. હું ઊઠીને બહાર ગાર્ડનમાં આવ્યો. રંગબેરંગી ફૂલો, સપ્રમાણ કાપેલી લીલા ઘાસની બિછાત, મેંદીની બનાવેલ વિવિધઆકૃતિઓ, આથમતો સૂર્ય, મુક્તપણે મલકતાં યુવકયુવતિઓ, બધું જોવું ગમતું હતું. આંખ અને હૈયાને શાતા અર્પતું હતું. ઘડી પહેલાંનો મારો કંટાળો ન જાણે ક્યાં અદૃશ્ય થઈ ગયો.

રમતિયાળ કન્યકાઓસમી આછી વાદળીઓ આકાશમાં દૂર દૂરથી આવી એકબીજાને હસ્તધૂનન કરતી હતી અને એમજ અકસ્માત અમે ત્રણ મિત્રો મળી ગયા. એક ડૉક્ટર, બીજો જજ અને હું, સારી ભાષામાં લોકો મને લેખક કહે છે. ફરવાનું આટોપી અમે એક શાંત ખૂણે ગોઠવાયા. વિદ્યાર્થીજીવન બાદ આજ કેટલે વર્ષે અમે મળતા હતા. જૂની વાતો તાજી થઈ, કુટુંબ કામધંધો ઈત્યાદિ બાબતો નીકળી. આપવીતી કહ્યા, સાંભળ્યા બાદ અમે જગવીતી પર આવ્યા.

મારી સદાની સ્વઅર્થી આદત મુજબ મેં દરખાસ્ત મૂકી કે દરેકે પોતાના હૃદયને અત્યંતસ્પર્શી ગયેલ એક ઘટના સંભળાવવી. પ્રારંભ ડૉક્ટરમિત્રે કર્યો. પછી મારો વારો આવ્યો ને છેલ્લે જજમિત્રે જે કિસ્સો સુણાવ્યો તે હું માનું છું કે તત્કાલીન સમાજના સંદર્ભમાં વધુ વાસ્તવિક છે.

પલ્લવી ને રાજેશ મંદિરમાંથી બહાર નીકળ્યા કે તરત જ તેમનાં મન મમતાથી ભરાઈ આવ્યાં. પગથિયાં આગળ પ્રકાશ તેમનું સ્વાગત કરવા ઊભો હતો. તેણે નવદંપતિને ફૂલહાર પહેરાવ્યા. તેની પત્ની ચારુએ ગળ્યું મોં કરાવ્યું. રાજેશની આંખમાં હર્ષનાં આસુ છલકાયાં. પલ્લવી સાથે તેનું પ્રેમલગ્ન હતું. કુટુંબનો વિરોધ હોવાથી કોઈએ આ લગ્નમાં ભાગ લીધો ન હતો. આથી મિલનની ખુશી સાથે ઘેરો વિશાદ પણ હતો. આવે ટાણે પ્રકાશને જોઈ 'પોતાનો કોઈ હિતેચ્છુ તો છે, સંસારમાં કંઈક તો હમદર્દી છે' એમ રાજેશે અનુભવ્યું. ઊમળકાથી એ દોસ્તને ભેટી પડયો. ને ત્યારે પલ્લવીને ય પ્રકાશની ઈર્ષા થઈ આવી. નવયુગલને આનંદ, સાહચર્ય આપવા પ્રકાશ ને ચારુએ તે દિવસે બંનેને પોતાને ત્યાં નોતર્યા.

નવઊર્મિઓમાં વર્ષ ક્યાં વહી ગયું તે જ ન સમજાયું. એજ રસિક પ્રણયગોષ્ઠિ, દિવસભર સ્થળ સ્થળના વિહાર, એ જ તોફાની મદઘેલી રાતડીઓ, અને એ જ શમણાંભરી જિંદગી. ફેરફાર માત્ર એટલો થયો કે એક પલ્લવીને પુત્રજન્મ અને બીજું રાજેશની કંપનીએ નાદારી નોંધાવતાં એની બેકારી.

પ્રેમ ઠંડો પડયો, યૌવનનો આવેશ શમી ગયો, કલ્પનાઓ રિસાઈ ગઈ અને બિહામણી વાસ્તવિકતા ડોળા ફાડી ઊભી રહી. વિકટ જીવનસંગ્રામે ભલભલાની કમર ભાંગી નાખી છે. ત્યાં ફૂલ જેવાં રાજેશ-પલ્લવીનું શું ગજું ?

'નો વેકેન્સી'ની મહા ભૂલભૂલામણીમાં લાંબા રઝળપાટ પછી દવાઓ બનાવતી એક કંપનીમાં ટ્રાવેલિંગ સેલ્સમેન તરીકે રાજેશને કામ મળ્યું. કેન્વાસિંગ માટે એક નગરથી બીજે નગર એને ફરવું પડતું. પલ્લવીની એકલતા તથા પ્રિયજનથી જુદાઈ કંઈક હળવી થાય તે માટે રાજેશે ઘેર આવતાજતા રહેવાનું, પલ્લવીની ખબર રાખવાનું, પ્રકાશને સૂચવ્યું. પલ્લાવી અને પ્રકાશ ! યુવાન હતાં, રસિક હતાં. વાતચીત વર્તનમાંથી ધીરે ધીરે સંકોચ દૂર થતો ગયો. સહજપણે પરસ્પરને સ્પર્શતાં પણ થઈ ગયાં. પલ્લવીને ઘણીવાર થયું કે પોતે પતિનો દ્રોહ કરી રહી છે. ત્યારે તે પ્રકાશને ભૂલવા મથતી, કદી તેનું અપમાન કરી બેસતી, ઘેર નહિ આવવા વિનવતી, પરંતુ આ બળ ક્ષણિક નીવડતું. ફરી એને પ્રકાશ વગર ચેન ન પડતું. એ પુનઃ સહવાસ-સાહચર્ય માટે તલસતી. પ્રકાશને ઘરે જઈ મનાવી લાવતી, અને ફરી આનંદકિલ્લોલમાં બંને મસ્ત થઈ જતાં.

રાજેશ મોટેભાગે બહારગામ રહેતો. એ ઘેર હોય ત્યાં સુધી પલ્લવી પ્રકાશની પરવા ન કરતી. પતિથી એને કોઈ દૂર ખેંચી જતું ના હોય એમ તે રાજેશને વળગેલી રહેતી. અનેક વખત તેણે રાજેશને આ નોકરી છોડી અન્ય કામ શોધી કાઢવા વીનવણી કરી હતી. રાજેશ પણ એવું જ ઈચ્છતો હતો. નવપત્ની સાથે સમય ગાળવાના કંઈ કંઈ લ્હાવા એનેય લેવા હતા. કિન્તુ અન્ય નોકરી મળતી ન હતી એટલે કેન્વાસિંગ વિના છૂટકો ન હતો.

રાજેશ મુસાફરી પર જાય ત્યારે પલ્લવી એને વળાવવા સ્ટેશને જતી. જેમ બને તેમ પતિની નિકટ વધુ ને વધુ તે રહેવા ઈચ્છતી હતી. આવે સમયે પ્રકાશનું આકર્ષણ કમજોર રહેતું. પરંતુ વિધિને તે મંજૂર ન હતું. રાજેશને કાર્યવત વધુ ને વધુ દૂર રહેવાનું થતું. સ્ટેશને રાજેશને વળાવી ઘેર આવતાં પલ્લવી મુક્ત હૈયે રડી લેતી. રાજેશના ફોટાને છાતી સરસો ચાંપી સર્જનહાર પાસે વિરહવેદના સહેવાની શક્તિ માગતી. નાના મધુકરને લાડપ્યાર કરવામાં, એના નિર્મળ ચહેરામાં પ્રાણપ્રિય પતિની પ્રતિછાયા જોવામાં એને અનહદ સંતોષ સાંપડતો. પરંતુ પ્રકાશ તરત આવીને ઊભો રહેતો. અગર તો એકાકીપણાથી કંટાળી પલ્લવી જાતે જ એને બોલાવતી ને રાજેશના પુનરાગમન પર્યંત પલ્લવીના મન પર પ્રકાશનું મોહાવરણ છવાઈ જતું.

માયા અને મમતા, સ્નેહ અને છલના, પ્રકાશ અને છાયા, એમ અંતરની વૃત્તિઓની ખેંચતાણમાં, સારાનરસાના ઝઘડામાં અંતે પલ્લવી હારી ગઈ. પ્રેમને યૌવનને હાથે શિકસ્ત મળી. પ્રકાશ વિના પલ્લવી મુરઝાઈ જતી. પ્રકાશદર્શન ખાતર એનો જીવ વ્યાકુળ બનતો. પ્રકાશની મિષ્ટવાણી, એના હાવભાવ ને ભપકામાંથી એ ન છૂટી શકી. વળી ઘણીવાર ભીડને પ્રસંગે પ્રકાશે આર્થિક મદદ પણ કરી હતી. રાજેશ પ્રત્યેની વફાદારી, પુત્ર પ્રત્યેનું વાત્સલ્ય અને ચારુનો ડર, આ બધું જ યુવાનીના પ્રબળ આકર્ષણ આગળ નબળું પુરવાર થયું. અને એ વહેલી સવારે પુત્ર મધુકરને હૃદયે ચાંપી પલ્લવીએ બોરબોર આંસુ સાર્યા હતાં. કંઈક પશ્ચાતાપથી, કંઈક ભયથી તો કંઈક આત્મડંખથી એ સવારે કે જેની આગલી રાતે તેણે પ્રકાશને પોતાની કાયા સોંપી હતી.

વૃત્તિઓ સાથે લડવાનું હવે તેણે છોડી દીધું. મન જ્યાં ઘસડી જાય ત્યાં ગયા વિના આરો નથી. જે વિલાસવમળમાં પોતે અટવાઈ છે તેમાંથી બચવાનો પ્રયાસ ફોગટ છે તેમ એને સમજાઈ ચૂક્યું હતું. ધીરે ધીરે આત્માને એણે એ રીતે ઠગવા માંડ્યો કે પ્રકાશની સાથે પીછાણ કરાવનાર, પોતાની ગેરહાજરીમાં ગમે ત્યારે આવવાજવાની પ્રકાશને છૂટ આપનાર રાજેશ જ છે. પોતાના પતન માટે જવાબદાર રાજેશ જ છે. આવી આત્મવંચનાથી એને સંતોષ થતો. પછી તો એને કશો જ ક્ષોભ ન રહ્યો. પોતે કંઈ જ ખોટું નથી કરતી એમ તે માનતી થઈ ગઈ. પોતે પ્રકાશના પ્રેમમાં છે, એની સાથે દેહસંબંધ બાંધવામાં નિતિ વિરુદ્ધ કંઈ જ નથી. આમ મનનું સમાધાન એણે કરી લીધું. અને. . .'

જજસાહેબ અહીં અટક્યા. કોઈની સલામી ઝીલતા હોય તેમ જમણો હાથ ઊંચો કર્યો ને પછી જાણે સ્વગત બોલત હોય તેમ બબડ્યા, 'હું ધારતો જ હતો, સુંદર ! અતિ સુંદર !'

એમણે બીજી સિગાર સળગાવી અને વાતના દોરને આગળ લંબાવ્યો. 'કેસ મારી કોર્ટમાં આવ્યો. પ્રકાશનું ખૂન થયું હતું. રાજેશ, પલ્લવી તથા ચારુ ત્રણે જણે પોતે ખૂન કર્યું હોવાનો તથા અન્ય બે નિર્દોષ હોવાનો દાવો કર્યો. કેસ ખૂબ આંટીઘૂંટીવાળો નીકળ્યો. બનાવનો કોઈ સાક્ષી નહોતો. પિસતોલ પર ગોળી ચલાવનારના આંગળાનાં નિશાન નહોતા.

પલ્લવીનું બ્યાન હતું, 'હું રાજેશથી ને પ્રકાશ ચારુથી છૂટાછેડા લેવાનાં હતાં. આ વિષયમાં કાનૂની સલાહ લઈ આવી પ્રકાશે જણાવ્યું કે રાજેશ અને ચારુની સંમતિ વગર છૂટાછેડા મળી શકે નહી. અને ચારુ પ્રણાંતે પણ એમ કરવા તૈયાર નથી. મેં પ્રકાશને સમજાવ્યો. ભાગી જવા જણાવ્યું. અરે છેવટે કોઈપણ ઉપાયે ચારુનો કાંટો દૂર કરવા સૂચવ્યું, પણ પ્રકાશ ન માન્યો. ત્યારે મને કડવું સત્ય સમજાણું કે પ્રકાશ મારી સાથે રમત રમતો હતો. પત્નીને દગો દેનાર એ ભ્રમર પ્રિયાને પણ વફાદાર ન હતો. એને મારામાં રસ હતો માત્ર મારા દેહ ખાતર. બોલાચાલીમાં આવેશવશ મેં પ્રકાશ પર ગોળી ચલાવી. રાજેશનું કથન હતું, 'પ્રકાશનો જીવ મેં લીધો છે. મને બચાવવાની મૂર્ખતાથી જ પલ્લવી આરોપ પોતાને માથે લઈ રહી છે. જે મિત્ર પર મેં વિશ્વાસ મૂકેલો, એણે જ દ્રોહ કર્યો ત્યારે મારા ક્રોધનો કોઈ પાર ન રહ્યો..

(અનુસંધાન પાના ૭ પર)

## ફેંસલો

(અનુસંધાન પાના ૬ પરથી)

આખા જગતમાં તે જ મારો ઘનિષ્ઠ મિત્ર હતો. પલ્લવી પ્રકાશની પ્રણયલીલા ચાલુ હતી ત્યાં જ હું બહારગામથી આવ્યો. આ આંખોએ પત્નીનું પતન જોયું, દોસ્તનો દગો દીઠો. મેં પ્રકાશનું ખૂન કર્યું. આ બદલ મને લેશ પણ પસ્તાવો થતો નથી.'

ચારુએ જુબાનીમાં કહ્યું, 'કેટલાક સમયથી પ્રકાશ મારા તરફ બેદરકાર બન્યો હતો. જ્યારે મેં જાણ્યું કે એ પલ્લવી પાછળ પાગલ બન્યો છે ત્યારે મારા સુખી ગૃહસંસાર પર ઘેરાયેલા વાદળોથી હું ભયભીત થઈ ઊઠી. મેં એને રાહ પર આણવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એ ન સુધર્યો. પતિના પ્રેમથી વંચિત હું સાનભાન ખોઈ બેઠી. મારું મગજ અસ્થિર બન્યું. મેં અભાગણે મારા હાથે જ મારા સૌભાગ્યને હણી નાખ્યું.'

જજમિત્ર ચૂપ થઈ ગયા અને સિગારમાંથી ધૂમ્રસેર કાઢવા લાગ્યા. હું ને ડૉક્ટરમિત્ર માનવજીવનના વૈચિત્રને અનુભવતા સ્તબ્ધ રહ્યા. મારા માનસપટ પર પલ્લવી, રાજેશ ને ચારુ, ત્રણે ફરતાં હતાં અને સજા કોને થઈ હશે તે શોધી કાઢવાની ગગડમથલમાં હું પડ્યો હતો. કેટલીક ક્ષણો શાંત રહ્યા બાદ મેં પૂછ્યું, 'ફેંસલો શો આવ્યો ?'

જજમિત્ર બોલ્યા, 'ચારુ આ કૃત્ય ન કરી શકે. પોતાના પતિનો પરસ્ત્રી સાથેનો સંબંધ એ જાણતી હતી. એથી એ નાખુશ પણ હતી છતાં એક હિન્દુ નારી પોતના જ સુહાગનો અંત ન આણે. ઉપરાંત પ્રકાશના મૃત્યુથી તે નિરાધાર બનતી હતી.'

'તો તો રાજેશને જ ફાંસી મળી હશે.' ડૉક્ટરમિત્રે ચૂકાદો આપ્યો.

જજમિત્ર ધીમેથી બોલ્યા, 'ફાંસી અપાઈ પલ્લવીને !'

હું ચિત્કાર કરી ઊઠ્યો, 'પલ્લવીને ?'

ડૉક્ટરમિત્રે આઘાતની પ્રાથમિક પળ વીતી જતાં જણાવ્યું, 'સાફ જાહેર છે કે ગુન્હેગાર રાજેશ હતો. ખૂન કરવાનો સબળ આશય એનો જ હતો.'

કાતરસ્વરે મેં કહ્યું, 'તમને નથી લાગતું કે કાયદાને અંધપણે વળગી રહેવામાં તમે માનવતાને અન્યાય કર્યો છે ? અરે જ્યારે રાજેશ પણ પલ્લવીને બચાવવા. . .'

'ઓહ, મેં ધાર્યું હતું કે તમે સમજી શકશો. કાનૂનને એક બાજુ રાખી મેં પ્રસ્તૂત કેસમાં માનવતાનો જ ઉપયોગ કર્યો હતો.' જજમિત્રે જણાવ્યું.

'એ કેવી રીતે ?' ડૉક્ટરમિત્રે અધિરાઈથી પૂછ્યું.

જજમિત્રે જવાબ વાળ્યો, 'જીવીને પણ પલ્લવી સુખી ન થાત. પ્રકાશનું ખૂન થયું હતું. રાજેશને પણ ફાંસી મળત તો બંને કુટુંબ તબાહ થઈ જાત. માસુમ બાળક મધુકર અનાથ બનત. વળી રાજેશ પલ્લવી પર ઉપકાર નહિ કિન્તુ વેર લેવા માગતો હતો. પલ્લવી જીવનભર બદનામ થાત. ઉપરાંત પ્રકાશના છેલ્લા કેટલાક સમયના વર્તનથી પલ્લવીને સખત ચોટ લાગી હતી. સંસાર વિષે તેનું મન ખાટું થઈ ગયું હતું. રાજેશ અને પ્રકાશ વચ્ચેનો તફાવત અંતે તેને સમજાયો હતો. પશ્ચાતાપથી તેનું હૈયું બળતું હતું. પતિને છેહ દીધાનો ઘા આજીવન ન રૂઝાત. આ ઘેરી હાલતનો વિચાર કરી જુઓ, મિત્રો, ને તમે કબૂલ કરશો કે મેં ઠીક જ કર્યું છે. અને એનું શુભ પરિણામ તો નજર સામે જ છે. હમણાં મેં પેલા બેંચ પર બેઠેલ યુગલની સલામી ઝીલી તે તમે જોઈ હતી ને ? તે છે રાજેશ અને ચારુ. આવો, તમને પરિચય કરાવું.'

અમે મૂંગામૂંગા જજમિત્રની સાથે ચાલ્યા.

## મારું પ્યારું અમદાવદ

(અનુસંધાન પાના ૩ પરથી)

ગુજરાતના મારા મિત્રો, સ્વજનો ત્યાં ભારતમાં ઉદારતાથી ખર્ચ કરતા હતા, પણ એના એજ મિત્રો અમેરિકા આવી ધનાઢ્ય બની ગયા છતાં આ ડોલરિયા દેશમાં ડોલરનો વિનિમય દર ઊંચો હોવા છતાં એકએક સેન્ટનો હિસાબ કરતાં મેં જોયા છે. આનું નામ વેપારીવૃત્તિવાળી આ ભોગભૂમિનો પ્રતાપ.

જેમ અમદાવાદની એક ઓળખાણ છે તેમ અમદાવાદીની પણ એક ઓળખ છે. અમદાવાદની ભૂમિ પર રહેતો અને જેણે સાબરમતીનું પાણી પીધું છે તેવો અમદાવાદી કોઈથી છેતરાતો નથી. કદાચ એટલે જ એવી કહેવત પ્રચલિત છે કે, 'એક અમદાવાદી બરાબર ત્રણ નડિયાદી ને બાર પેટલાદી'.

**('અંતરને અજવાળે'માંથી**

**( શ્રી ભાનુભાઈ નિવૃત્ત મેજિસ્ટ્રેટ, સાહિત્યકાર અને પત્રકાર છે.)**

## ઉત્તર વગરના પ્રશ્નો

- 卐 કેટલું જ્ઞાન મેળવ્યા પછી માણસ જ્ઞાની કહેવાય ?
- 卐 કેટલું ધન મેળવ્યા પછી માણસને થાય કે હવે વધારે ધન મેળવવાની જરૂર નથી ?
- 卐 જો ધનથી સુખ મળતું હોય તો સુખી થવા માટે માણસને કેટલું ધન પૂરતું ગણાય ?
- 卐 કેટલી ઉંમરે પહોંચ્યા પછી માણસ તે ઉંમરને લાયક બને ?
- 卐 શિક્ષણપ્રથા સુધારવા માટે કેટલી યુનિવર્સિટીઓ જોઈએ ?
- 卐 કેટલા વ્યસનો પછી માણસને સ્વાસ્થ્યનું મૂલ્ય સમજાય ?
- 卐 રસ્તા પરના અકસ્માતોના કેટલા મૃત્યુ પછી માણસો અકસ્માતો કરતા બંધ થશે ?
- 卐 માબાપો પુત્રપ્રેમ તજી દે તે પહેલાં કેટલા પુત્રો માબાપોને તજી દેશે ?
- 卐 શાંતિચાહક ધર્મો વચ્ચેના યુદ્ધો ક્યારે બંધ થશે ?
- 卐 લેખક પ્રતિષ્ઠિત લેખક ગણાય તે માટે તેણે કેટલા પુસ્તકો લખવા પડે ?
- 卐 ક્યાં સુધી ગંદા ફર્નિચરને પોલીશ કરીને સુંદર દેખાડી શકાય ?
- 卐 કેટલા યુદ્ધો પછી માણસ સમજશે કે તેનાથી સમસ્યાનો ઉકેલ આવતો નથી ?
- 卐 હૃદયરોગના કેટલા હુમલા પછી માણસ ઠરીને ઠામ થઈને બેસે ?
- 卐 કેટલી ડિગ્રીઓ મળ્યા પછી માણસમાં ડહાપણ આવે ?
- 卐 ભારતના ગંદા ગામડાઓ, શહેરોને સ્વચ્છ અને સુંદર બનાવવા કેટલો કચરો ઉપાડવો પડશે ?
- 卐 કેટલું 'ગ્લોબલ વોર્મિંગ' થયા પછી માણસ જંગલો કાપવાનું બંધ કરશે ?
- 卐 કેટલી શાળાઓ પછી માણસમાંથી અજ્ઞાન દૂર થશે ?
- 卐 નિયમિત બનવા માટે માણસને કેટલી ઘડિયાળો જોઈએ ?
- 卐 કેટલો ઘોંઘાટ કર્યા પછી માણસે મૌન સેવવું જોઈએ ?
- 卐 બીજ પહેલાં કે ફળ પહેલાં ?
- 卐 કેટલા વર્ષનું લગ્નજીવન સફળ લગ્નજીવન કહેવાય ?
- 卐 કેટલા સમાધાનો પછી લગ્નજીવન સફળ બની શકે ?

આવા તો અનેક પ્રશ્નો આપણી સામે આવીને ઊભા રહે છે પણ આપણે તેનો ઉત્તર શોધવા રોકાતાં નથી. કારણ કે કેટલાક સવાલો એવા હોય છે જેના સહી ઉત્તરો આપણને ભયભીત બનાવી શકે. વાસ્તવિકતાનો સામનો કરી, તેને સમજી, તેને સ્વીકારવાની જેની તૈયારી હોય તે જ આવા પ્રશ્નોના ઉત્તર શોધવાની કોશિશ કરી શકે છે.




## સભાર સ્વીકાર

**'આંખ આડે પાંપણ' અને 'ગમતાનો ગુલાલ'**

**લેખકઃ શ્રી પ્રવીણ પટેલ 'શશી'**

**૮૦ કોરોના કોર્ટ, ઓલ્ડ બ્રીજ**

**ન્યૂ જર્સી, અમેરિકા**

**પ્રકાશકઃ ખ્યાતિ પબ્લિકેશન્સ, અમદાવાદ**

પ્રવીણભાઈ પટેલના લેખો, વાર્તાઓ, કવિતાઓ મને વાંચવા ગમે છે. તેમાં ઉર્મીઓનો ધબકાર સાથે આત્મિયતાનો પ્રતિભ ાવ પણ છે. તેમનાં લખાણો વાંચવામાં સરળ અને રસપ્રદ હોય છે. વાંચીએ ત્યારે કોઈ ઊંચા આસને બેસીને અઘરા શબ્દોમાં આપણને બોધપાઠ આપતા હોય તેવું નહિ પણ આપણી સામે બેસીને, આપણા અત્મિયજનની જેમ, આપણી પાસે ઉમળકો ઠાલવતા હોય તેવું લાગે. વાર્તાસંગ્રહ 'આંખ આડે પાંપણ' વાંચીએ ત્યારે એવું લાગે જાણે તેઓ પોતાની આજુબાજુ બનેલા બનાવો એક ગોષ્ઠિ રૂપે આપણને કહી રહ્યા છે. અને આમ કરી તેમણે ગુજરાતીના રસિકો સમક્ષ એક વધુ સાહિત્ય રસથાળ મૂક્યો છે.

પ્રવીણભાઈ ગમતાને ગૂંજે ઘાલતા નથી. તેમણે **'ગમતાનો ગુલાલ'** રચી તેમના યુરોપના પ્રવાસમાં વાચનરસિકોને પણ ભાગીદાર બનાવ્યા. આ પ્રવાસકથા એટલી સરસ રીતે લખી છે જાણે તે જુએ અને માણે છે તે જ આપણે પણ જોઈએ અને માણીએ છીએ. તેમનો આનંદ તેમણે ખોબે ખોબે આમાં ઉડાડ્યો છે. ધન્ય હો પ્રવીણભાઈ ! આવું જ રચતા રહેજો.

## આપણાં શાકભાજી
### ભાજી

(દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે, 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી)

ભાજી અનેક પ્રકારની થાય છે. વાસ્તવમાં લીલાં પાંદડાવાળી વનસ્પતિ, જેના પાંદડા ખાઈ શકાય તે બધાજ ભાજીના પ્રકાર ગણાય. જાણીતા નામોમાં તાંદળિયા કે તાંદળજાની ભાજી, સુવાની ભાજી, મેથીની ભાજી, કોથમીરની ભાજી, અળવીના પાનની ભાજી, અને હવે આમાં અંગ્રેજી તથા ચાઈનીઝ નામો ઉમેરાયા છે જેવાં કે સ્પીનાચની ભાજી, બક ચોયની ભાજી, રોકેટની ભાજી, લેટ્સ, પાર્સલી, સેલરી, વગેરે.

આ ઉપરાંત જે શાકના પાંદડા આપણે ખાઈ શકીએ છીએ, જે એક જાતની 'ભાજી' જ કહેવાય, તેવાં છે ડુંગળી, લસણ, બીટ, મૂળા, કોબી, બ્રસેલ સ્પ્રાઉટ, આઈસબર્ગ, વગેરે મળી લગભગ એંસી ઉપરાંત જાતના પાંદડા છે જે આપણે ભાજી તરીકે ખાઈ શકીએ..અલબત્ત બધાને જુદી જુદી જાતની આબોહવા માફક આવે છે એટલે એક જ પ્રદેશમાં બધા ન મળી શકે. શાકાહારી તરીકે ગુજરાતીઓ જરા પાછળ છે. અત્યારે ગુજરાતમાં જે મળે છે તેનાથી બમણા કે તેથી વધારે પ્રકારમા શાકભાજી ઊગાડી શકાય તેમ છે. પ્રગતિશીલ ખેડૂતો હવે એ દિશામાં ધીરે ધીરે આગળ વધી રહ્યા છે તે આનંદની વાત છે. પરદેશમાં વસતા ગુજરાતીઓ પોતાનાથી શક્ય તેટલી માહિતી ભેગી કરી ગુજરાત પહોંચાડી પોતાનો અમૂલ્ય ફાળો આપી શકે.

ભાજીમાંઆનેક જાતના ઉપયોગી તત્ત્વો છે જે શરીરના પોષણ માટે આવશ્યક છે. પણ તેમાં મેદ જરા પણ નથી. એટલે જેમને શરીરનું વજન વધવાની ચિંતા હોય કે જેમને વજન ઘટાડવું હોય તે દરરોજના નિયમિત ખોરાકમાં ભાજીનું પ્રમાણ વધારે તો ઘણો ફાયદો થવાની શક્યતા છે. પણ ફક્ત વરાળે બાફેલી કે ઓવનમાં શેકેલી વાનગીઓ જ ફાયદો આપશે, ઝાઝા મસાલા ને તેલવાળી કે તળેલી વાનગીથી તો 'હતા ત્યાં ને ત્યાંજ' રહેવાશે ! આયુર્વેદમાં સગર્ભા સ્ત્રીઓને માટે ભાજી હિતાવહ ગણી નથી.

ભાજીમાં સ્વાદ છે, મીઠાશ છે અને અનેક પ્રકારના ઉપયોગી તત્વો જેવાં કે પ્રોટીન, વીટામીન્સ અને ક્ષારો પણ છે. ભાજી જેમ કાચી ખાઈ શકાય તેમ તેના તત્ત્વોનો લાભ વધારે મળે. ભાજીને બાફવાથી તેના અમુક વીટામીન્સ નાશ પામે છે અને જ્યારે તેને તળવામાં આવે છે, અને તેલનું ઉષ્ણતામાન ઉકળતા પાણી કરતાં વધારે હોય છે, ત્યારે તેના વીટામીન્સ અને પ્રોટીન્સ સંપૂર્ણ નાશ પામે છે. જો તેને પાણીમાં ઉકાળવામાં આવે તો વીટામીન્સ ને પ્રોટીન્સની સાથે ક્ષારો પણ મોટા પ્રમાણમાં પાણીમાં જાય છે.

કોથમીર, ફૂદીનો, પાર્સલી, લેટ્સ, સેલરી વગેરે પચવામાં સહેલા છે અને કાચા જ ખાઈ શકાય છે. મેથી, તાંદળજા. રોકેટ અને સ્પીનાચના કૂણા પાંદડા પણ કાચા ખાઈ શકાય છે. જેમને મધુપ્રમેહ હોય તેમને માટે એ ખાસ ફાયદાકારક ગણાય છે. ભાજીઓ વરાળે ગરમ કરી ખાવી જોઈએ. ભાજીમાં મીઠાનું પ્રમાણ વધારે હોય છે એટલે મીઠું ઓછું ઉમેરવું હિતાવહ છે.

લોહીમાં 'હિમોગ્લોબીન' (રક્તકણમાંનું લાલ રંગનું તત્ત્વ) પુરતા પ્રમાણમાં રહે તે માટે લોહતત્ત્વની જરૂર હોય છે. ભારતમાં ઘણા શાકાહારી લોકોના રોજિંદા ખોરાકમાં લોહતત્ત્વનું પ્રમાણ દરરોજની જરૂરિયાત કરતાં ઓછું હોય છે. એટલે ઘણા લોકોના લોહીમા રક્તકણો નબળા હોય છે જેથી લોહી નબળું રહે છે. નબળું લોહી રોગપ્રતિકાર બરાબર કરી શકતું નથી જેથી આવા લોકો નાનીમોટી માંદગીના ભોગ બનતા રહે છે અને રોજિંદા કામ કરતાં પણ થાકી જાય છે.

લીલા પાંદડાવાળી ભાજીમાં લોહતત્ત્વ ઘણું હોય છે ને અમુક ભાજીઓમાં તેના જેટલાજ વજનના માંસમાં હોય તેના કરતાં વધારે લોહતત્ત્વ હોય છે. પણ ભાજીમાંનું લોહતત્ત્વ સહેલાઈથી શરીરને મળતું નથી. તે માટે સાથે 'કેલ્સિયમ' અને વીટામીન 'સી'વાળો પણ ખોરાક લેવો આવશ્યક છે. જો એ પણ સપ્રમાણમાં લેવામાં આવે તો ભાજીમાંનું લગભગ એંસી ટકા લોહતત્ત્વ શરીર મેળવી શકે છે. (કોઈપણ જાતના ખોરાક કે 'પીલ્સ'માંથી કોઈપણ જાતનું તત્ત્વ શરીરને 'સોએ સો ટકા' મળવું લગભગ અસંભવ છે.)

ગુજરાતીઓને અલગઅલગ પ્રકારની ભાજીઓથી બનાવેલી અવનવી વાનગીઓ ખાવાનો શોખ છે. પણ ઘણી બનાવવાની રીતમાં અગત્યના તત્ત્વો નાશ પામે છે. આવું ન બને તે માટે રસોઈ નિષ્ણાતોએ નવી રીતની વાનગીઓ શોધવી આવશ્યક છે.

સરેરાશ પ્રમાણે એક તાજી ને કુણી ભાજીમાં આ પ્રમાણે તત્ત્વો હોય છેઃ લોહતત્ત્વ, કેલ્સિયમ, ફોસ્ફરસ, ઝિન્ક, પોટાસીઅમ, મેગ્નેસીઅમ, નીઆસીન અને સેલનીઅમ. વીટામીન એ, બી-૨, બી-૬, સી, ઈ અને કે. તે ઉપરાંત અન્ટીઑક્ષીડન્ટ અને 'ઓમેગા-૩ જેવું ઘણું જ ઉપયોગી તત્ત્વ પણ હોય છે. ભાજીનો એક બીજો અગત્યનો ભાગ છે તેનામાંના 'ફાઈબર' જે જરૂરને તંદુરસ્ત રાખવામાં ઘણું ઉપયોગી છે. આયુર્વેદ પ્રમાણે દરેક ભાજીમાં એકાદ તત્ત્વ એવું હોય છે જે રોગનીવારણનું કામ કરે છે. ખાવા ઉપરાંત ભાજીના પાંદડા શેકીને કે પાણીમાં ઉકાળીને ઘા ઉપર લગાવવાથી તે 'એન્ટીસેપ્ટીક'નું કામ આપે છે અને ઘા વહેલો રૂઝાઈ જાય છે. આંખ બળતી હોય કે આંખ નબળી હોય તો રાત્રે સૂતી વખતે કોથમીરના રસના ટીપાં નાખવાથી ફાયદો થાય છે.

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહીં ભાજી વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં કે રોગનિવારણ માટે તેનો ઉપયોગ કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.

'જેના હાથમાં તેના મોમાં' પ્રાણીઓના નાના બાળકો પણ પહેલાં સુંઘીને પછી યોગ્ય લાગે તો જ મોમાં મૂકે છે. પણ માણસનું બાળક તેના હાથમાં જે કાંઈ આવે તે સીધું મોઢામાં જ મૂકે છે.



## मेघदूतम् (संपादकः डो.गौतम पटेल)

नीवीबन्धच्छ्वसितशिथिलं यत्र बिम्बाधराणां
क्षौमं रागादनिभृतकरेष्वाक्षिपत्सु प्रियेषु ॥
अर्चिस्तुगानभिमुखमपि प्राप्य रत्नप्रदीपा
न्हीमूढानां भवति विकलप्रेरणा चूर्णमुष्टिः ॥७३॥
नेत्रा नीताःसततगतिना यद्विमानाग्रभूमी
रालेख्यानां नदजलकणैर्दोषमुत्पाद्य ।
शंकासपृष्टा इव जलमुचस्त्वादृशा जालमार्गै
धूमोदारानुकृतिनिपुणा जर्जरा निष्पतन्ति ॥७४॥

## મેઘદૂત (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

નીવી છૂટ્યે શિથિલ બનતું ચીર બીંઢબાધરાનું
પ્રેમી જ્યારે ચપલ કરથી ખેંચતા રાગથી જ્યાં,
પામી લજ્જા ઝળહળ થતા રત્ન ને દીપ ફેંકી
પ્હોંચે તોયે વિફલ બનતી તેમની ચૂર્ણમુષ્ટિ (૭૩)
ખેંચાયેલા પવનગતિથી હર્મ્યના અગ્રભાગે,
જ્યાં ચિત્રોને જલકણવડે સદ્ય દોષી બનાવી
શંકાઘેર્યાં ઘન, તુજ સમા, જાલમાર્ગે વિશીર્ણ
નાસી છૂટે અનુકરણમાં ધૂમના હોશિયાર (૭૪)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

## Meghadoota of Kalidas (Editor: Dr.Gautam Patel)

O cloud, where the handful of powder, thrown by red lipped women, overcom with shyness when their silken garments are loosened on account of the untying of the knot by the nimle fingered lover through passion, fails to snuff out high flamed jewel lamps, thoug it reaches them. (73)

There even clouds like you driven high up by even steering winds to the top of seven storied mansion disfigure the paintings in them by fesh water drops and then being scared cleverly simulate and escape through the latticed windows in shape of broken particles. (74)

(To be continued: Two verses will be published in every issue.)